સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

સલામી સવારની..

જૂથોના તાગમાંથી ઈર્ષાની, આગ વરસે છે,
ગરમ ગરમ અફવાની, આગ વરસે છે,
ભાગ ને સ્પર્શે માંગ પટેલોની, રાગ સત્તાનો -
ને ગગનમાંથી અગનની આગ વરસે છે...

હતાશ બેન!
ઝીલે ઘાવ વેરીના -
રદીયા દ્વારા...
(હું ક્યાંય નથી જવાની)

પ્રજા પ્રહ્લાદ,
કોર્ટ નૃસિંહ બની...
કરે રક્ષણ...
આજે નૃસિંહ ચૌદસ)

ચિંતન

કિં કુલેન વિશાલેન વિદ્યાહીનસ્ય દેહિનઃ ।
અકુલીનોડપિ વિદ્યાવાન્દેવૈરપિ સ પૂજયતે ॥

વિદ્યા વિનાના માણસને વિશાળ કુળનું શું કામ? જે હલકા કુળમાં જન્મેલો હોવા છતાં વિદ્યાવાળો છે તે દેવો પડે પૂજાય છે.

જે અભણ-નિરક્ષર છે તે જાતે જ કોઈ પ્રગતિ કરી શકતો નથી. તેના વિકાસ માટે તેને કોઈ મદદરુપ થઈ શકતું નથી. એને માટે મોટું - વિશાળ કુળ હોય તો પણ તે નિઃસહાય જ હોય છે.

પરંતુ ભલે નાનાં કે નીચાં કુળમાં જ જન્મ થયો હોય પણ વિદ્યાનું બળ અને જ્ઞાન હોય તો સ્વવિકાસ માટે તેને કોઈનો પણ, પરિવાર કે કુળના આશ્રયની પણ જરુર પડતી નથી.

માત્ર પોતાની વિદ્યાના બળને કારણે તે સર્વત્ર પૂજ્ય અને સન્માનીય બને છે. તેને માટે વિશાળ કુળની જરુર પડતી નથી.

સુવિચાર

- સત્યથી માણસ જેટલો છેટો રહે, ન્યાયથી એટલો એ છેટો રહેવાનો, ઔચિત્યથી જેટલો એ ફંટાઈ ને ચાલે અનૌચિત્યથી ફરિયાદો એટલી વધવાની - **જનકલ્યાણ**
- સન્મતિ વગરનો સંપત્તિવાન એ એક રીતે તો ગરીબ છે, કારણ કે એની પાસે ધન છે, પણ જીવનના આભૂષણરુપ 'સદ્‌બુદ્ધિ' નથી વિત્ત છે, પણ વિવેક નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- પંખીઓ એમના પગથી જાળમાં સપડાય છે, માણસ વિચારોથી સપડાય છે - **થોમસ ફુલર**
- દરેક પતિના જીવનમાં બે પાસા હોય છે, એક જે પત્ની જાણે છે, અને બીજું જે પત્ની નથી જાણતી એમ પતિ માને છે... - **ફાધર વાલેસ**
- એટલી અડબોથ મારી છે સમયે ગાલ પર.... કે સૂઝન ને લોકો લાલી તરીકે ઓળખે છે - **સુરેશ દલાલ**
- ઝંખના કરવી, શોધવું, શોધી કાઢવું અને તાબે થવું નહીં - **ટેનિસન**
- ગુસ્સો કાગળ પર ઠાલવી દેવો પણ એ કાગળ પછી ટપાલપેટીમાં નાખવો નહીં - **સુરેશ દલાલ**
- આજનું ઔષધ : બાદીયાનું ચૂર્ણ બનાવી સવાર-સાંજ લેવાથી શરદી મટે છે (સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

કેટલાક લોકો અવારનવાર, અવનવા નિયમો-સંકલ્પો કરે છે પણ એક સપ્તાહ સુધી પણ એનો અમલ કરી શકતા નથી. પોતાના નિત્યક્રમ માટે મન દૃઢ સંકલ્પ બળ સાથે મક્કમ બનાવવું જોઈએ ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાનો નિત્યક્રમ સાચવી જ રાખવો જોઈએ.

નારાયણ હેમચંદ્ર ગુજરાતના સારા લેખક અને સજ્જન વ્યક્તિ હતા. 'નિયમિતતા' એમની રગેરગમાં - શ્વાસની દરેક ક્ષણમાં વણાઈ ગઈ હતી. એમાં કહી જ એ બાંધછોડ કરતા નહીં.

એક મિત્રએ એમને પૂછ્યું, કયારેક સંજોગે તમે રાત્રે મોડા સૂવો છો છતાં પણ ચાર વાગે કેમ ઊઠી શકો છો?

નારાયણે સ્મિત સાથે કહ્યું - હું પથારીમાં પડું ત્યારે મારી જાતને આદેશ આપી દઉં છું. 'નારાયણ! કાલે ચાર વાગ્યે જ ઉઠવાનું છે હો! અને સવારે અચૂક ચાર વાગે ઊઠી જ જવાય છે.'

ભાજપની જીત, કોંગ્રેસની હાર

પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો પ્રજાના મૂડનાં સૂચક છે. કોંગ્રેસ માટે ભારે નિરાશાજનક પરિસ્થિતિ સરજાઈ છે અને ભારતીય જનતા પાર્ટી માટે ઊજળા ભવિષ્યના સંકેતો સાંપડી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ બેઉ વિજયના શ્રેયના અધિકારી છે. બીજી તરફ સોનિયા-રાહુલની મા-દીકરાની જોડી કોંગ્રેસને સર્વનાશ ભણી ઢસડી રહી હોવાનાં તારણો નીકળી રહ્યા છે. ભાજપ કયારેક હિંદી પટ્ટાની રાજકીય પાર્ટી ગણાતી હતી. અટલ બિહારી વાજપેયીના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ અને લાલકૃષ્ણ અડવાણીની વ્યૂહાત્મક નેતાગીરીના પરિણામે ભાજપ કેન્દ્રમાં સત્તા હાંસલ કરી શકી હતી. એ પછી 'ઈંડિયા શાઈનિંગ' જેવાં સૂત્રોને કારણે ભ્રમ સરજાયો હતો અને ઘણી ગડમથલને અંતે પાર્ટીને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનો આગ્રહ માની લઈ ઘરડા નેતાઓને હાંસિયે ધકેલી નરેન્દ્ર મોદી જેવા કુશળ રાજનેતાને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે આગળ ધરવાની ફરજ પડી હતી. મોદીનો જાદુ ધાર્યા કરતાં વધુ લાંબો ચાલ્યો છે, તેનું પરિણામ આજે આપણી નજર સમક્ષ છે. એમણે દેશવિદેશમાં પોતાની પ્રતિભાના જોર પ ડંકો વગાડી દઈ ભારતની પ્રજામાં એક અનેરો વિશ્વાસ પેદા કર્યો છે. જે ભાજપ માટે ઉત્તરપૂર્વમાં ડોકિયું કરવું મુશ્કેલ હતું ત્યાં એ વર્ષો જૂના કોંગ્રેસી શાસનને મારી હટાવી સત્તા પર આવી શકે છે. અરુણાચલમાં કોંગ્રેસીઓ જ બળવો કરીને કોંગ્રેસી મુખ્યમંત્રીને હટાવી ભાજપની સરકાર બનાવી દે છે. એટલું ઓછું હોય એમ જયાં એની સમૂળગી હાજરીના જ વાધાં હતા ત્યાં - બંગાળ અને કેરળ જેવાં રાજયોમાં ભારતીય જનતા પાર્ટીએ પગપેસરો કરી દેશની સૌથી મોટી રાષ્ટ્રીય પાર્ટી તરીકે કાઠું કાઢ્યું છે. કોંગ્રેસ પાસેથી એક પછી એક રાજયો છીનવાઈ રહ્યાં છે. હવેએ માત્ર સાત ટકા વસતી ધરાવતાં રાજયોમાં સત્તા પર રહેવા પામી છે. એની સામે ભાજપે છત્રીસ ટકા વસતિ ધરાવતા વિશાળ વિસ્તાર પર ભગવો ફરકાવી દિગ્વિજય હાંસલ કર્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસનું સુકાન મહદંશે રાહુલ ગાંધી હસ્તક હતું. રાહુલ ગાંધી ફક્ત દિલ્હી નગર નિગમની પેટા ચૂંટણી પૂરતા થોડા સફળ રહ્યાં છે, પરંતુ રાષ્ટ્રીય કક્ષાએ એમને જાકારો સાંપડ્યો છે. મોદી સામે રાહુલ ઘણા વામણા સાબિત થયા છે. છેલ્લે ઑગસ્ટા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટરનું તથાકથિત કૌભાંડ પણ કોંગ્રેસની હારમાં ભાગ ભજવી ગયું છે. પ્રાદેશિક પાર્ટીઓ સામે ઝીંક લેવામાં ભાજપ પાછું પડ્યું છે પણ 'કોંગ્રેસ મુક્ત' ભારતના કાર્યક્રમમાં એને ધારી સફળતા સાંપડી રહી છે. કોંગ્રેસ કરતા ભાજપ માટે હવે ભવિષ્યની

તંત્રીસ્થાનેથી...

લડાઈ નીતીશકુમાર, મમતા બેનરજી અને જયલલિતા કે માયાવતી જેવા પ્રાદેશિક પાર્ટીઓના નેતાઓ સામે રહેશે. એટલે હવે પછીનું ધ્રુવીકરણ મોદી સામે ઝીંક ઝીલતા પ્રાદેશિક પક્ષો માટે અસ્તિત્વનો પ્રશ્ન બની રહેશે. ડાબેરીઓ કેરળની ચૂંટણી કોંગ્રેસને હરાવીને જીતી શકે છે, પણ એ જ ડાબેરીઓ સાથે ગઠબંધન કરીને પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીને ટક્કર આપવાની રાજનીતિ સરિયાણ નિષ્ફળ ગઈ છે. મમતા બેનરજી દેશનાં સૌથી મજબૂત પ્રાદેશિક નેતા તરીકે ઊપસ્યાં છે. પાંચ વર્ષ અગાઉ મળેલી બેઠકો કરતાં પણ પાંત્રીસેક બેઠકો વધારે જીતી બંગાળની વાઘણે એની સર્વોપરિતા સિદ્ધ કરી છે. હવે કોંગ્રેસ પણ ક્રમશઃ રાષ્ટ્રીય પાર્ટી મટી પ્રાદેષિક પાર્ટી બની રહી છે. એક જ પરિવાર પર આધારિત રહી રાજકારણ ચલાવવાનું કોંગ્રેસને ઘણું મોંઘું પડી ગયું છે, જયારે નરેન્દ્ર મોદી સામે પાર્ટીની સિનિયર નેતાગીરીને ઘણા વાંધાવચકા હોવા છતાં તેઓ પાર્ટી માટે અનિવાર્ય અસ્કમાત બની રહ્યા છે. દેશ માટે 'અચ્છે દિન' આવે ત્યારે ખરા, ભાજપ માટે 'અચ્છે દિન' આવી ગયાં છે. જો કે નરેન્દ્ર મોદીને ખરો ખેલ ઉત્તરપ્રદેશમાં પાડવો પડશે અને ગુજરાતને હાથમાંથી સરકી જતું રોકવું પડશે.

ગગન આતંક

પશાકાકા બોલ્યા હું મારા દીકરા મયંકને ત્યાં સ્કોટલેન્ડ ગયો હતો ત્યારે ચારેબાજુ બરફ જ બરફ. પવન તો એવો વાય કે ના પૂછો વાત. ચારચાર કપડા પહેર્યા પછી પણ ઠંડી રોકાતી ન હતી. બરફનો વરસાદ પડતો હતો. રોજ સવારે ઉઠી પહેલા તો આંગણામાં પડેલો બરફ સાફ કરવો.ગાડી પરથી પણ બરફ સાફ કરો. ગાડીમાં હીટર ચાલુ કરો. ગવર્નમેન્ટ મીઠું નાખી નાખી ને રોડ ઉપર નો બરફ સાફ કરતા. આ બધું કામ જાણે સહેલાઈથી અને કોઈ પણ જાતના કંટાળા વગર મયંક જ કરતો હતો એમ નહી, પણ ત્યાં રહેનારા બધા માણસો આનદ અને ઉત્સાહથી કરતા હતા.મને એમ થતું કેવું દુખ છે. પૈસા કમાવા માટે છોકરો દેશ છોડી પરદેશમાં આવ્યો. પણ અહિયાં આવું દુઃખ? આપણા ભારતમાં કેવું સુખ! આવું કઈ કરવું પડે? પણ છતાં ટાઈમસર બરફના વરસાદની વચ્ચે પણ બધા સમયસર કામ ધંધે લાગી જતા. માઈનસ ૧૦-૧૨ ડીગ્રી તાપમાનમાં પણ લોકો પોતાનું કામ ઈમાનદારીથી કરતા. ભાઈ આપણે ત્યાં છે આવું કઈ? પછી મારી દીકરી મોના જે દુબઈમાં રહે છે. ત્યાં તાપમાન ૪૮-૪૯ ડીગ્રી થઈ જતું. ધૂળની ડમરીઓ ચારે બાજુ ઉડતી. ઘરમાં તો એરકન્ડીશનર હોય , ગાડીમાં એરકન્ડીશનર હોય પણ રસ્તા પર તો લાય વરસતી હોય છતાં પણ બધા નિયમિત કામ કરતા. પશાકાકા બોલ્યા મારું બેટુ ગજબ કહેવાય. લોકો બરફમાં અને ધમધમતા તડકામા સરસ રીતે પોતાના જીવનને જીવી જાણે છે. આપણા ત્યાં આમાંનું કશુ જ નથી હોતું, છતાં લોકો આળસુ કેમ છે? આપણા દેશમાં ક્યારે એટલે કે ગુજરાતમા બરફ પડતો નથી, હાં, ઉનાળામાં થોડાક જ દિવસો સૂર્ય પોતાનો પ્રકોપ બતાવે છે. જયારે ૪૨-૪૫ ડીગ્રી તાપમાન હોય છે. છતાં લોકો ત્રાહિમામ ત્રાહિમામ પોકારી જાય છે. શું ગરમી છે? ઘરમાં એરકન્ડીશનરમાં ૨૪-૨૫ ડીગ્રી તાપમાનની વચ્ચે લોકો બેસી રહે છે. બહાર નીકળતા નથી. રેડિયોવાળા, ટી.વી. વાળા જાહેરાત કરે છે. છાપાવાળા લખે છે. બપોરના બહાર નીકળવું નહિ. પાણી વધારે પીવું. લીંબુ અને મીઠું-ખાંડ નાખી શરબત વારેવારે પીવું. મોટી મોટી હોસ્પિટલ વાળા જાહેરાતો કરે છે. તાવ આવે , માથું દુઃખે, આંખો લાલ થઈ જાય, ઉલટી થાય અથવા ઉપકા આવે તો સમજવું કે લૂ લાગી છે અથવા સન-સ્ટ્રોક થયો છે. તાત્કાલિક અમારી ૨૪ કલાક ચાલતી હોસ્પિટલનો સંપર્ક કરી ને દાખલ થઈ જાવ. પશાકાકાએ પ્રશ્ન પૂછ્યો કે ભાઈ આપને ત્યાં બરફ પડે તો શું થાય? હોસ્પિટલવાળા, છાપાવાળા, રેડીઓ અને ટી.વી. વાળા શું જાહેરાત કરે? ભાઈ

તન દુરસ્તી

મહેન્દ્ર ગજજર
ડૉ. દિનેશ રાઠોડ

છીકો આવે છે? શ્વાસ લેવામાં તકલીફ પડે છે? માંથું દુખે છે? તો જલ્દી હોસ્પિટલમાં જાવ. સ્વાઈન ફલુ તો નથી ને? ન્યુમોનીયા તો નથી ને? સાવધાન રહો અને અમારી હોસ્પિટલમા દાખલ થઈ જાવ. કહેવાનો મતલબ એ કે હા ગરમી વધારે પડે છે. એપ્રિલ-મે અને જૂનમાં ગરમી પડે છે એ હકીકત છે. ગરમી નહિ પડે તો વરસાદ ક્યાંથી આવશે? ભગવાને ઋતુઓનું નિર્માણ ખુબ સરસ રીતે કર્યું છે. ગરમી, વરસાદ અને ઠંડી. દરેકને ચારચાર મહિના મા વિભાજન કરી સરસ રીતે આયોજન કર્યું છે. જેથી લોકોને જીવવામા અને જીવનમા મોનોટોનોસી ના લાગે, અને જીવન સરસ રીતે જીવવા માટેનો અભિગમ મળી રહે. મનુષ્ય જીવન બરફમાં અને રણમાં જીવતા લોકોને સરસ રીતે કેમ જીવવું એની પરીક્ષા લે છે અને માનવજાત ભગવાનની દરેક પરીક્ષામાંથી સહેલાઈથી પાસ થઈ જાય છે અને કુદરતની સામે બાથ ભીડીને ઉભો રહે છે.

આ તો થઈ મનુષ્ય અને કુદરત વચ્ચેની વાત. ગરમી જયારે ૪૫ ડીગ્રી તાપમાન ઉપર કોઈપણ મનુષ્યને હેરાન કરી નાખે છે. દુબઈ, આબુધાબી, કુવૈત અને બીજા ગલ્ફ દેશના માણસો ખારા દરિયાની વચ્ચે પણ, ધૂળના ઢગલાની વચ્ચે પણ સરસ સ્વર્ગ સમું વાતાવરણ ઉભું કરી બતાવ્યું છે.

હા, વધારે ગરમી હોય ત્યારે તકલીફ પડે. શરીર અસહ્ય ગરમીને હિસાબે લેવાઈ જાય છે. શરીરમાનું પાણી ઉડી જાય છે અને તેને હિસાબે સન-સ્ટ્રોક લાગે છે. શરીર બગડે છે. સમર ડાયેરિયા થાય છે. ડીહાઈડ્રેસન થાય છે. ખરાબ પાણીના હિસાબે પાણીજન્ય રોગો જેવાકે કમળો, ટાઈફોઈડ જેવા રોગો થાય છે. વાઈરલ ઈન્ફેકશન થાય છે. આવા તાપમાં પણ લોકોને ડેન્ગ્યુ થાય છે. પણ ગભરાવાની જરૂર નથી. હવે બધી જાતની સારી સગવડો ધરાવતી હોસ્પિટલો, લેબોરેટરીઓ ઉપલબ્ધ છે. જેમની

અનુસંધાન પાના નં. ૭ પર

ક્યા ગ્રહને સૂર્યની પ્રદક્ષિણા કરતાં સૌથી ઓછો સમય લાગે છે?

વિશ્વની ભૂગોળ

(૧) બ્રહ્માંડ શાનું બનેલું છે?
(અ) અસંખ્ય સૂર્યમંડળોનું (બ) અસંખ્ય મંદાકિનીઓનું
(ક) અસંખ્ય બ્લેક હોલનું (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૨) સૂર્ય પર ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વી કરતાં કેટલાં ઘણું છે?
(અ) ૬ ઘણું (બ) ૧૨ ઘણું
(ક) ૨૪ ઘણું (ડ) ૨૮ ઘણું

(૩) કયા ગ્રહને સૂર્યની પ્રદક્ષિણા કરતાં સૌથી ઓછો સમય લાગે છે?
(અ) બુધ (બ) શુક્ર
(ક) ગુરુ (ડ) નેપ્ચ્યુન

ખજાનો
અનિલ પટેલ

(૪) સૌથી મોટો તારો કયો છે?
(અ) અગત્સ્યનો (બ) ધ્રુવ
(ક) સાયરસ (ડ) જય

(૫) પૃથ્વી સૂર્યની સૌથી નજીક કયારે હોય છે?
(અ) ૨૧ ડિસે. (બ) ૩ જાન્યુ.
(ક) ૨૨ માર્ચ (ડ) ૩ મે

(૬) ચંદ્રના પ્રકાશને પૃથ્વી પર આવતાં કેટલો સમય લાગે છે?
(અ) આઠ સેકન્ડ (બ) આઠ મિનિટ
(ક) ૨ મિનિટ કરતાં ઓછો (ડ) ૨ સેકન્ડ કરતાં ઓછો

(૭) પૃથ્વી નારંગી જેવી છે તેવું સાબિત કરનાર કોણ હતું?
(અ) ન્યૂટન (બ) ગેલેલિયો
(ક) પાયથાગોરસ (ડ) મેગેલન

(૮) કયા મહિનામાં સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર સૌથી વધુ હોય છે.?
(અ) મે (બ) માર્ચ
(ક) ડિસેમ્બર (ડ) જુલાઈ

(૯) સૌર મંડળની શોધ કોણે કરી હતી?
(અ) ગેલેલિયો (બ) કોપરનીક્સ
(ક) કણાદ (ડ) ભાસ્કરાચાર્ય

(૧૦) ૦ અક્ષાંસ ગ્રીનીચ રેખા કયાં આવેલ છે?
(અ) ઈંગ્લેન્ડ (બ) ફ્રાન્સ
(ક) ઈટલી (ડ) જર્મની

(૧૧) કયા ખંડમાંથી વિષુવવૃત્ત, કર્કવૃત્ત અને મકરવૃત્ત પસાર થાય છે?
(અ) એશિયા ખંડ (બ) અમેરિકા ખંડ
(ક) ઓસ્ટ્રેલિયા ખંડ (ડ) આફ્રિકા ખંડ

(૧૨) મૃત જવાળામુખી કિલીમાંજારો કયા દેશમાં આવેલો છે?
(અ) જાપાનમાં (બ) ફિલિપાઈન્સમાં
(ક) તાન્ઝાનિયામાં (ડ) કોરીયામાં

(૧૩) દક્ષિણ ગોળાર્ધમાં ૪૦ અક્ષાંસની આસપાસ વહેતી તેજ હવાને શું કહે છે?
(અ) ગરમ ચાલીસા (બ) દઝાડતા ચાલીસા
(ક) રેડ અક્ષાંશ (ડ) દવાનળ રેખા

(૧૪) હવાઈ જવાજ મોટાભાગે કયા આવરણમાં ઊડે છે?
(અ) ક્ષોમ મંડળ (બ) સમતાપ મંડળ
(ક) આયન મંડળ (ડ) ઉષ્ણમંડળ

(૧૫) ફિલીપાઈન્સ, જાપાન અને ચીની સાગરમાં આવતા ચક્રવાતી તોફાનને કયા નામે ઓળખાય છે?
(અ) ટોરનેડો (બ) સુનામી
(ક) ટાયફૂન (ડ) બરમૂડો

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨૦ મે ૧૮૬૦ એડર્ડ બુચનર : જર્મન બાયોકેમીસ્ટ, કાર્બોહાઈડ્રેટ્સના ફર્મેન્ટેન્સન દ્વારા, એન્જાઈન મેળવવા અંગેના સંશોધન બદલ ૧૯૦૭માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ૨૦ મે ૧૮૫૧ એમીલ બર્નિલર : જર્મન-અમેરીકન સંશોધક, ટેલીગ્રાફ, ટેલિફોનનાં સુધારેલા મોડેલ, ફોનોગ્રામ રેકોર્ડ ડીસ્ક, માઈક્રોફોન બનાવનાર
- ૨૧ મે ૧૯૦૨ હર્બર્ટ કોપલેન્ડ : અમેરીકન બાયોલોજીસ્ટ, માઈક્રોઓગ્રેનીઝમ અને ડાર્વિને સૂચવેલ વન્યસૃષ્ટિ પર સંશોધન કરનાર
- ૨૧ મે ૧૮૭૮ ગ્રીલ કસ્ટીસ : અમેરીકન એરક્રાફ્ટ બનાવનાર, એન્જી., યુ.એસ. એવીએશનની સ્થાપનામાં ફાળો આપનાર, પ્રથમ વિશ્વયુદ્ધમાં તેમના બનાવેલ એરક્રાફ્ટ વપરાતા હતા.
- ૨૨ મે ૧૯૦૩ વ્યેશ-એન્ડ્રુ રોકાર્ડ : ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી તથા ભૌતિકશાસ્ત્રી, ફ્રેન્ચ એટોમીક બોમ્બ બનાવનાર ટીમના સહાયક વૈજ્ઞાનિક
- ૨૨ મે ૧૮૫૯ સર ઓર્થર કોનાન ડોયલે : સ્કોટીસ તબીબ વૈજ્ઞાનિક અને લેખક, તેમના તબીબ ક્ષેત્રનાં યોગદાન બદલ યુનિ. ઑફ ઓડીનબર્ગ દ્વારા ડૉકટરની ડિગ્રી આપવામાં આવી.
- ૨૩ મે ૧૮૬૨ ડેવિડ જયોર્જ હોગાર્થ : ઈંગ્લીશ આર્કીઓલોજીસ્ટ, ઈજીપ્ત, સિરીયા, મલોસ સંસ્કૃતિનો અભ્યાસ કરનાર
- ૨૩ મે ૧૮૪૮ ઓટ્ટો લીલીયેન્થલ : જર્મન એરોનોટીક્સ એન્જી. માનવ શરીર સાથે પાંકો લગાડી ઊંચાઈ પરથી ઊડવાની ટેકનિક આપનાર તથા સાધનો વિકસાવનાર
- ૨૪ મે ૧૮૮૪ કલેર્ક એલ. હુલ : અમેરીકન સાયકોલોજીસ્ટ, માનવ સ્વભાવ અને વર્તણૂક પર સંશોધન કરનાર
- ૨૪ મે ૧૮૭૮ લિલિયન એળીલીન ગ્રીલબ્રેશ : અમેરીકન મહિલા વૈજ્ઞાનિક, જાણીતા વૈજ્ઞાનિક ફ્રેન્ક બન્કર ગ્રીલબ્રેથનાં પત્ની, ટાઈમ એન્ડ મોશન - પદ્ધતિ પર સંશોધન કરનાર
- ૨૫ મે ૧૮૬૦ જેમ્સ મેકીન કેટીલ : અમેરીકન સાયકોલોજીસ્ટ તથા ગણિતશાસ્ત્રી, સ્ટેટેસ્ટીકલ એનાલીસીસ એક્સપર્ટ.
- ૨૬ મે ૧૮૩૭ વૉશિંગ્ટન ઓગસ્ટસ રોઈબ્રીંગ : અમેરીકન સિવિલ એન્જી., ન્યૂયોર્ક સીટીનો બ્રુકલીન બ્રીઝના ડિઝાઈનર તથા નિર્માતા
- ૨૬ મે ૧૮૩૨ જેમ્સ બેલ પેટીગ્યુ : સ્કોટીસ જીવજંતુશાસ્ત્રી ઉડતા કિટકો, પક્ષીઓ અને જીવજંતુઓ પર ખાસ સંશોધન કરનાર

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : તાજેતરમાં કઈ કંપનીના હેલિકોપ્ટર ખરીદી મામલે સોનિયા ગાંધી પર આક્ષેપો થઈ રહ્યાં છે ? જવાબ : ઈટાલીન ઓગસ્ટા વેસ્ટલેન્ડ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૩) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસી., ઘોળેશ્વર પાસે. (૪) મહેશ એમ. જાદવ : સે-૩૦ (૫) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૬) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : સે-૬

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

સમાજવાદી પાર્ટીના કયા વિવાદિત અને ફાયરબ્રાન્ડ નેતાની ફરી ઘરવારસી થઈ છે અને રાજસભાના સભ્ય તરીકે નોમીનેટ કરાયા છે?
'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૬) ૯૮ (૪૬) ૯૫ (૬૬) ૬ (૬૬)
૬ (૬૬) ૯૮ (૦૬) ૯૫ (૭) ૬ (૭) ૯૮ (૭) ૬ (૩) ૯૫ (૫) ૯૮ (૪) ૬ (૬) ૬ (૬) ૯૫ (૬)

રઘુકુલરીતિ સદા ચલી આઈ

સંતકવિ ગોસ્વામી તુલસીદાસે રઘુકુલરીતિની પ્રશંસા કરી છે. રઘુકુલરીતિ - રઘુવંસના રાજાઓની પ્રેરણાદાયક ચરિત્રગાતા કાલિદાસે ૫૧૯ સર્ગના મહાકાવ્ય 'રઘુવંશ'માં આપી છે. એમણે મહાકાવ્યના પ્રારંભે રાજાઓનાં ૧૬ વિશેષણો એક સાથે આપ્યા છે. કાલિદાસ પાસે રાજનીતિનો અભ્યાસ તો ખરો, પરંતુ પ્રત્યક્ષ અનુભવ પણ હતો. વિક્રમાદિત્ય ચંદ્રગુપ્તના તે વિદેશમંત્રી હતા. આ વિશેષણોને આધારે ખ્યાલ આવે છે કે રાજત્વનો - શાસકનો - આદર્શ તેમની દૃષ્ટિએ કેવો છે.

(૧) આ જન્મ શુદ્ધ - ગર્ભાવસ્થાથી માંડીને અંત્યેષ્ટિ સુધીના સોળ સંસ્કારો તેઓ પાળતા. આ રીતે એમનો મનુષ્ય અવતાર શુદ્ધ રહેતો.

(૨) એક નિષ્ઠ - પોતે જ કોઈ કામ હાથમાં લે તે અધૂરું ન છોડે. વિઘ્નો આવો તો પણ એને પાર કરી જઈને પરિણામ મેળવ્યે પૂરું કરે.

(૩) પ્રજાપાલક - સમુદ્ર સુધી પથરાયેલી સમગ્ર પૃથ્વીનું પાલન કરે. પ્રજાઓને સાચવી લે.

(૪) સહાયક - સૌ કોઈને સહાય કરવા સદા તત્પર - શક્તિશાળી એવા કે દેવો પણ એમને મદદ માટે બોલાવે. એમના રથ સ્વર્ગને રસ્તે દોડતા હોય.

(૫) ધાર્મિક-વિધિપૂર્વક યજ્ઞો કરતા રહે - અશ્વ મેઘયજ્ઞ હોય કે રાજસૂય યજ્ઞ - રાજય યજ્ઞની ધૂમ્રસેરથી પવિત્ર જ રહે.

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૬) દાની - યાચકોનું પૂરેપૂરું સન્માન કરે અને એમની ઈચ્છા પ્રમાણે એમને દાન આપે. જે માગે તે આપવાની તત્પરતા ધરાવે.

(૭) ન્યાયી - ગુનેગારે જેવો અપરાધ આચર્યો હોય એને અનુરુપ સજા કરે જ. ગૂનો કર્યો હોય તો સજા આપવાની જ. આમાં દયા ન ચાલે, સહાનુભૂતિ ન ચાલે.

(૮) જાગ્રત - રોજ યોગ્ય સમયે બ્રાહ્મમૂર્હૂતમાં જાગી જનારા. પોતાની ફરજોનાં પાલનમાં સદા જાગ્રત. આમાં બેદરકારી કે આળસ ન ચાલે.

(૯) ત્યાગી - સંપત્તિ ભેગી કરે પરંતુ પોતાના ઉપભોગ માટે બિલકુલ નહિ. જરૂરિયાત હોય એમને આપી દેવા માટે - સર્વસ્વ ત્યાર માટે.

(૧૦) અલ્પભાષી - જરુર પૂરતું જ બોલવાનું અને એ પણ સત્ય જાળવીને જ બોલવાનું. વધુ પડતું બોલવામાં અસત્ય બોલાઈ જવાય.

(૧૧) જિગીષુ - વિજય મેળવવાની ઈચ્છા ખરી; પરંતુ પોતાનો યશ ફેલાવવા અને ટકાવી રાખવા માટે, સામ્રાજયવિસ્તાર માટે નહિ.

(૧૨) ગૃહસ્થી - ગૃહસ્તધર્મ બજાવવાનો પરંતુ અંગત સુખ માટે નહિ. સંતાનની પ્રાપ્તિ અને તેના પાલન-રક્ષણ પૂરતો

(૧૩)(૧૪)(૧૫)(૧૬) આશ્રમ ધર્મોને પાળનારા - આયુષ્યના ચાર ભાગો. પહેલો બ્રહ્મચર્યાશ્રમ - એ વિદ્યાભ્યાસ માટે છે. બીજો ગૃહસ્થાશ્રમ - તે ઘરસંસાર માટે છે. ત્રીજો વાનપ્રસ્થાનાશ્રમ - આમાં આસક્તિભાવ છૂટતો જાય. વનપ્રવેશ કહેવાય. ચોથો સન્યસ્થાશ્રમ - માત્ર વૈરાગ્યભાવ. આ રાજાઓ શિશુકાળમાં વિદ્યાભ્યાસ એકાગ્રતાથી કરતા. યુવાવસ્થામાં વિષયસુખોની ઈચ્છા રાખતા, અંતે પોતાની જાતે જ યોગમાર્ગે દેહ છોડી દેતા.

વિને મૂંઝવણ આ છે - 'આ વંશ સૂર્યથી પ્રગટેલા મહાન વંશ છે. આનાં વર્ણન માટે મારી બુદ્ધિ ટૂંકી પડે. નાનકડી હોડીથી મહાસાગરને પાર કરવાની ઈચ્છા રાખું, એ મારી ઘેલછા છે. હું વામનજી ઊંચેથી ફળ લેવા ઠેકડા મારું તો મશ્કરીને પાત્ર બને.' ખરેખર કવિની આ નમ્રતા છે. આ પ્રકારના મહાન વંશને વિષય બનાવી શકે એવી પ્રતિભા એમની પાસે છે જ.